

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર | Mo- 9016924808 | સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 20,(SURAT), DATE-06/11/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૨૦, (સુરત), તા.૦૬/૧૧/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 વ્યારાની લાઇબ્રેરીમાં ૫૦ હજારથી વધુ પુસ્તકોનો ખજાનો

3 ગુજરાતમાં બુટલેગરો બેખૌફ: દારૂ ભરેલી કારનો પીછો કરતી પોલીસ જીપને ટ્રેલરે મારી ટક્કર, PSIનું મોત

4 ૨૦૪૭ વિકસિત ભારત અને જળસંચય જન ભાગીદારીના નામે દીપ પ્રગટાવવા પાટીલની લોકોને અપીલ


## દ.ગુજરાતનું બેનમૂન મંદિર:પ્રમુખ સ્વામીએ જોયેલું સ્વપ્ન મહંત સ્વામીએ પૂર્ણ કર્યું , નવસારીના હાઇવે પાસેનું ગુજરાતનું પહેલું આરસપહાણ મંદિર

નવસારી- નવસારી શહેરની પાવન ભૂમિ ઉપર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ૨૦૧૨માં સંગેમરમરના ભવ્ય શિખરબદ્ધ મંદિરના નિર્માણનો શુભારંભ કર્યો હતો. એમની પાવન પ્રેરણા અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના વરદ હસ્તે બીએપીએસ નૂતન મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા વિધિ મહોત્સવ ૩૦-૦૧- ૨૦૨૦), વસંત પંચમીના દિવસે ઊજવાયો હતો ત્યારથી આજ સુધી લાખો ભક્તોએ આ મંદિર દર્શનનો લાભ લીધો છે.૧૦ એકરના પરિસરમાં આ મંદિરની લંબાઇ ૨૦૫ ફૂટ, ૧૮૮ ફૂટ ૨,૧૮૮ ફૂટ પહોળાઇ તથા ઊંચાઇ ૮૨ ફૂટ છે, જેમાં બારીક કોતરણીવાળા કલામંડિત ૨૨૨ સ્તંભો, ૧૫૦ તોરણો, ૯૦૦ ફૂટ લાંબી બેનમૂન ગજેન્દ્ર-પીઠ અને અવતારો, દેવી-દેવતા અને મહાન ભક્ત- પરમહંસોની સુંદર રુપપ્રતિમાઓ, ભગવાન સ્વામિનારાયણની લીલાના ૪૪થી વધુ પથ્થરમાં કંડારાયેલી શિલ્પકૃતિઓ અને કલાત્મક ૫ શિખર, ૨ ઘુમ્મટ તથા ૧૭ ઘુમ્મટીઓ અને તેના ઉપર ૧૯ સુવર્ણરહિત કળશો છે.

મંદિરમાં કઈ કઈ મૂર્તિ છે? બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં ભગવાન સ્વામિનારાયણ તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ઘનશ્યામ મહારાજ, શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા રાધાકૃષ્ણ દેવ, અભિષેક મંડપમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજ, શ્રી સીતા- રામ- હનુમાનજી તથા શ્રી શિવ- પાર્વતી-ગણેશજી અને ગુરુપરંપરાની મૂર્તીઓની પ્રતિષ્ઠા વૈદિક વિધિથી શાસ્ત્રોક રીતે સંપન્ન થઈ.



કોરોના અગાઉ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ સમગ્ર ભારતભરમાંથી ૫૧ પવિત્ર નદીઓના જળ અને ઔષધી કળશમાં ભેગા કરવામાં આવ્યાં હતાં અને કળશનું શાસ્ત્રોક વિધિથી પૂજન થયું અને ત્યાર બાદ આ પવિત્ર જળથી મૂર્તિઓનો અભિષેકવિધિ કરવામાં આવ્યો હતો. સંસ્થાના વિદ્વાન સંતો અને બ્રાહણો દ્વારા સમગ્ર વિધિ શાસ્ત્રોક્ત રીતે કરવામાં આવ્યો હતો. જેમાં ઉડ્ડુપી, દક્ષિણ ભારતમાંથી ૯ બ્રાહ્મણોએ વાદ્યનું વાદન કર્યું હતું. મહાપૂજામાં મહંતસ્વામી મહારાજ, સદગુરુ સંતો, દેશ- વિદેશના હજારો હરિભક્તો જોડાયા હતા. મહંતસ્વામી મહારાજે મંદિર પરિસરના મુખ્ય દરવાજાનું વૈદોક્ત વિધિથી અનાવરણ કરી નૂતન શિખરબદ્ધ મંદિરમાં પ્રવેશ કર્યો હતો.

સંતોએ વ્યસન મુક્તિનો સંકલ્પ લીધો અને... પ્રમુખસ્વામી મહારાજ દ્વારા દેશ-વિદેશમાં ૧૧૦૦ કરતાં વધુ મંદિરોનાં નિર્માણ થયાં છે જે, ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો અને સમાજસેવાનાં ધબકતાં ઊર્જાકેન્દ્ર બની રહ્યાં છે.જેમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, નવસારીનાં નેજા હેઠળ ૧૬૨ પ્રકારની પ્રવૃત્તિઓનું સફળતા પૂર્વક સંચાલન મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી થઇ રહ્યું છે. બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આદિવાસી ઉત્કર્ષ માટે અનેક કાર્યો ચાલી રહ્યાં છે. નવસારી જીલ્લો આદિવાસી વિસ્તાર છે એટલે કેટલાક તાલુકાઓમાં વ્યસન ને કારણે યુવાઓ મોતને ભેટે છે વર્ષો અગાઉ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી એ વ્યસન મુક્તિ નું શરૂ કરેલું અભિયાન આજ સુધી યથાવત રહેવા પામ્યું છે અહીં આદિવાસી વિસ્તારને પીવાનો આવીને વ્યસન મુક્તિનો સંકલ્પ કર્યો છે.

## નવસારી વતનમાં આવેલા મધ્યપ્રદેશના રાજયપાલ મંગુભાઈ પટેલે સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લઈ સંતોના આર્શિવાદ પ્રાપ્ત કર્યા

નવસારી- હાલમાં દિવાળીનો તહેવાર ચાલી રહ્યો છે ત્યારે સૌ કોઈને આ તહેવારમાં પોતાના વતનની યાદ આવે. તેવામાં ઉચ્ચ અધિકારીઓથી લઈને રાજનેતાઓ સહિત રાજયપાલ પણ પોતાના વિશાળ ભવન છોડી પોતાના શહેરમાં તહેવાર ઉજવતા હોય છે. નવસારીના પોતાના ઘરે પરિવાર સાથે દિવાળી ઉજવવા માટે મધ્યપ્રદેશના રાજયપાલ મંગુભાઈ પણ દિવાળી અગાઉ નવસારી આવી પહોંચ્યા હતા. આજે શહેરમાં આવેલા સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લઈ સંતોના આશીર્વાદ લીધા હતા.



વર્ષ દરમિયાન આવતા કોઈપણ તહેવાર નિમિત્તે નવસારીના પૂર્વ ધારાસભ્ય, મંત્રી અને હાલના મધ્યપ્રદેશના રાજયપાલ મંગુભાઈ પટેલ આજે નવસારી હાઇવેને અડીને આવેલા ઇઅડજ સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી, જેમાં તેમણે સંતોને આ મંદિરને પોતાનું બીજું ઘર છે, એવું કહ્યું હતું. તેમણે રાજયપાલના ઓછા પ્રોટોકોલ સ્ટાફ સાથે સામાન્ય દર્શનાર્થીની જેમ મંદિરમાં પ્રવેશ્યા હતા અને નીચે બેસી મંદિરની ઉર્જા ગ્રહણ કરી હતી.

સંતોના આગ્રહથી તેઓ ખુરશી પર બિરાજમાન થયા હતા. સંતોએ તેમને હાર તેમજ શાલ ઓઢાડી તેમનું સ્વાગત કર્યું હતું. આશરે અડધો કલાક રોકાઈ તેઓ અન્ય કામ અર્થે રવાના થયા હતા.

મંદિરના કોઠારી સંત પૂર્ણકામ સ્વામી જણાવે છે કે, જયારે પણ મંગુભાઈ પટેલ લાંબા સમય માટે નવસારી રોકાણ અર્થે આવે છે, ત્યારે તેઓ અચૂક મંદિરની મુલાકાત લે છે. આજે તેઓ કોઈપણ સ્ટાફ કે ગાર્ડ વગર એક સામાન્ય દર્શનાર્થીની જેમ મંદિરની મુલાકાત લીધી હતી. મંદિરમાં અડધો કલાક રોકાયા બાદ તેમના અગત્યના કામ અર્થે તેઓ રવાના થયા હતા.


# સુરત જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી સંઘ લિ.

સાત્વિક બેકરી કેમ્પસ, મિંઢોળા ચાર રસ્તા, બારડોલી.
ફોન. (ઓ) ૨૨૦૪૦૬, (બેકરી) ૨૨૦૦૭૮

**કાપડ:-**
સુતરાઉ ખાદી, પોલી વસ્ત્ર, રેશમ ખાદી
ગરમ ખાદી, આધુનીક ફેસન ના
ખાદીના રેડીમેઇડ વસ્ત્રો વગેરે મળશે.

**ગ્રામોધોગ :-**
દરેક પ્રકારની કારપેટ મેટીગ, કાથા મેટીગ,
પગ લુછણીયા, ગ્રામોધોગ સાબુ, ચોખ્ખુ મધ,
અગરબત્તી, સુખડ કલા, ધાતુ કલા, કાષ્ટ કલા,

**બેકરી :-**
શુધ્ધ અને સાત્વિક બિસ્કીટો,
ચોખ્ખા ઘીની ઘઉંના લોટની
સ્પે.નાન ખટાઈ તથા ખાખરા મળશે.
સ્પે. સેન્ડવીચ, ખાખરા પીઝા, તેમજ ગ્રીલ
સેન્ડવીચ મળશે. પ્યોર ઘઉં માંથી બનાવેલ
ખાખરા મળશે.

**ફુટવેર :-**
શુધ્ધ ચામડાની જેન્ટસની વેરાયટીઓ
જેવી કે બુટ, ચંપલ, મોજડી વગેર મળશે.

**ખેતી :-**
ખેતી માટે શુધ્ધ બિયારણ માંથી
બનાવેલ ધરૂ મળશે.

**આયુવૈદિક :-**
ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસીની
આયુર્વેદિક દવાઓ મળશે.

હરેન્દ્રસિંહ ડી. વસવારીયા
મંત્રી

પંકજભાઈ એન. ચૌધરી
માનદ્ મંત્રી

હરીશચંદ્ર આર. પટેલ
ઉપ-પ્રમુખ

નિરંજનાબેન કલાર્થી
પ્રમુખ

:: અમારી બીજી કોઈ શાખા નથી ::

સાત્વિક - સાત્વિક - સાત્વિક - સાત્વિક- સાત્વિક - સાત્વિક - સાત્વિક

Email I.D.sjkgsangh@yahoo.in


## સુરતમાં ૭ લાખ, અમદાવાદમાં ૨ લાખ અને વડોદરામાં ૩૫ હજાર ઉત્તર ભારતીય લોકો ઉમટી પડશે, તડામાર તૈયારી હાથ ધરાઈ

દિવાળીના તહેવાર બાદ ઉત્તર ભારતીયના તહેવાર એવા છઠ્ઠ પૂજા મહાપર્વનું હવે ગુજરાતમાં પણ મહત્વ વધ્યું છે. ૭ નવેમ્બરના રોજ છઠ્ઠ પૂજા મહાપર્વની લાખો ઉત્તર ભારતીયો દ્વારા કરવામાં આવશે. અમદાવાદમાં રહેતાં ઉત્તર ભારતીયો દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આવેલા છઠ્ઠ પૂજા ઘાટ સહિત અલગ જગ્યાએ છઠ્ઠ પૂજા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદમાં ૨ લાખ લોકો છઠ્ઠ પૂજા કરશે. જયારે સુરતમાં સૌથી વધુ ૭ લાખ લોકો છઠ્ઠ પૂજા કરશે. જયારે વડોદરામાં ૩૫ હજાર લોકો છઠ્ઠ પૂજા કરશે. આ ત્રણેય શહેરમાં છઠ્ઠ પૂજાને લઈને તડામાર તૈયારી કરવામાં આવી રહી છે.

૩૦ હજાર આસપાસ લોકો ઘાટ પર પૂજા કરશે શહેરમાં રહેતા લાખોની સંખ્યામાં ઉત્તર ભારતીયો તહેવારની ઉજવણી કરતા હોય છે, ત્યારે સાબરમતી નદીના કિનારે છઠ્ઠ પૂજા કરવા માટે ઇન્દિરા બ્રિજ પાસે સાબરમતી રિવરફ્રન્ટ પર બનાવવામાં આવેલા છઠ્ઠ પૂજા ઘાટ પર મ્યુનિસિપલ કોર્પોરેશન (અખઈ) અને વિવિધ ઉત્તર ભારતીય સંગઠન દ્વારા છઠ્ઠ પૂજાની ઉજવણી થતી હોય છે. જેને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ઘાટને સાફ-સફાઈ કરવામાં આવી રહી છે. સાબરમતી નદીમાંથી કચરો દૂર કરવામાં આવી રહ્યો છે. નદી પાસે આવેલા મેદાનમાં સાફ-સફાઈ કરવાની શરૂઆત કરવામાં આવી છે. આશરે ૨૦થી ૩૦,૦૦૦ જેટલા લોકો આ ઘાટ ઉપર પૂજા કરવા માટે આવશે.

મુખ્યમંત્રી હાજરી આપશે, અધિકારીઓ પણ જોડાશે છઠ મહાપર્વ સમન્વય ટ્રસ્ટના અધ્યક્ષ ડો. મહાદેવ ઝાએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, છઠ્ઠ પૂજા મહાપર્વનું અનેરુ મહત્વ હોય છે.







### બારડોલી જલારામ મંદિર ખાતે નુતન વર્ષ નિમીત્તે

## સ્વાભિમાન ગ્રુપ અને શ્રી રાજપુત કરણી સેના દક્ષિણ ગુજરાત ના હોદેદારો અને JCI મેમ્બર ના સહયોગ દ્વારા ગરીબોને ૨૨૦૦ જોડી કપડા નુ વિતરણ કરવામાં આવ્યું

**બારડોલી-** બારડોલી વર્ષ ૨૦૧૪ થી સ્વાભિમાન ગ્રુપ નુતન વર્ષ ની શરૂઆત જરૂરિયાત મંદ વ્યક્તિઓ ને નવા કપડાં નું વિતરણ ૫૦૦ જોડી કપડાં નુ વિતરણ કર્યું હતું. આ નવા વર્ષ દરમ્યાન ૨૨૦૦ જોડી કપડાં નું વિતરણ કર્યું . બારડોલી જલારામ મંદિર ખાતે નુતન વર્ષ નિમીત્તે સ્વાભિમાન ગ્રુપ અને શ્રી રાજપુત કરણી સેના દક્ષિણ ગુજરાત ના હોદેદારો અને ઉંઇઇં મેમ્બરો ના સહયોગ દ્વારા ગરીબોને ૨૨૦૦ જોડી કપડા નો વિતરણ કરવામાં આવ્યું.

જેમાં આ નુતન વર્ષે શ્રી રાજપુત કરણી સેના અને જે. સી. આઇ. જેવી સંસ્થા પણ આ ભગીરથ સેવા કાર્ય માં જોડાઇ જેમાં બારડોલી ના સામાજિક અને રાજકીય આગેવાન અજીત સિંહ સુરમા, અરવિંદ જાદવ, મયુરિકા જાધવ, જગદીશભાઈ પટેલ (પેપ્સી), ઠાકોરભાઈ ચૌહાણ, કાંતુભાઈ પરમાર, પ્રવીણ રાઠોડ, હરેન્દ્રસિંહ વસવારિયા અને વિશેષ ઉપસ્થિતિમાં. જલારામ બાપા ના પાવન સાનિધ્યમાં સેવા કાર્યમાં જોડાયા.

બારડોલી જલારામ મંદિર ખાતે નુતન વર્ષ નિમીત્તે સ્વાભિમાન ગ્રુપ અને શ્રી રાજપુત કરણી સેના દક્ષિણ ગુજરાત ના હોદેદારો અને JCI મેમ્બરો ના સહયોગ દ્વારા ગરીબોને ૨૨૦૦ જોડી કપડા નો વિતરણ કરવામાં આવ્યું.

બારડોલી જલારામ મંદિર ખાતે ગરીબોને વસ્ત્ર નુ દાન કરયુ. જલારામ મંદિર ખાતે જલારામ બાપાના પાવન સાનિધ્યમાં છેલ્લા ૧૪ વર્ષ થી નવા વર્ષે દરમ્યાન સ્વાભિમાન ગ્રુપ અને અન્ય ગ્રુપના સહયોગથી ગરીબોને માતે વસ્ત્ર દાન કરી એક અદભૂત અનોખું સેવા કાર્ય કરતાં આવ્યા છે.










## વ્યારામાં એટીએમ ચોરીમાં સંડોવાયેલા બે આરોપી પાંચ દિવસના રિમાન્ડ પર

વ્યારા-વ્યારા નગરમાં છ દિવસ પહેલા મધ્યરાત્રી એ ત્રણ વાગે ટચ કરો એ મુખ્ય માર્ગ પર આવેલા એસબીઆઇના એટીએમ મશીનને કટરથી કાપી ૪૪ લાખની ચોરી કરી છે. જે કેસમાં પોલીસ દ્વારા બે આરોપીને અટક કરી હતી જયારે ત્રણ આરોપી વોન્ટેડ જાહેર કર્યા હતા. પકડાયેલા બે વિવિધ તપાસ માટે કોર્ટમાં રજૂ કરી સાત દિવસના રિમાન્ડની માંગણી કરતા નામદાર જજ દ્વારા પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.



ગત ૨૪ મી ઓક્ટોબર ના રોજ વ્યારા ના કાનપુરા વિસ્તારમાં આવેલા એક એટીએમ મશીન ને પાંચ તસ્કરોએ નિશાન બનાવી ગેસ કટરથી મશીન કાપી અંદર મુકેલા ૪૪ લાખ ચોરી કરી ભાગી ગયા હતા. જેચોરીના કેસમાં વપરાયેલા એક ટેમ્પા ના આધારેપોલીસેગુનાનો ભેદ ઉકેલ્યો હતો. જેમાંકેસમાંપોલીસેટેમ્પો ચાલક પ્રશાંત ઉર્ફેપશીયો રામુપવાર (રહે. સૂરાલી તા. બારડોલી ) ને તમેજ ટીપ આપનાર લાલસિંહ મોતીલાલ ડોહરી (રહે માંડવી, સુરત ) ની અટક કરી તેમની પાસે૪.૬૪ લાખ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જે કેસ માં વ્યારા પીઆઈ એન. એસ. ચોહાણ ની ટીમ દ્વારા બે આરોપી ને વિવિધ તપાસ જેમાં વધુ મુદ્દામાલની રિકવરી, ગુનામાં વપરાયેલા સાધનો, ત્રણ આરોપીની તપાસ સહિત અન્ય તપાસ માટે કોર્ટમાં રજૂ કરી ૦૭ દિવસ ના રિમાન્ડ ની માંગણી કરતા નામદાર જજ દ્વારા બે આરોપી ના ૦૫ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યું હતો.

## આઠ નવેમ્બરે જલારામ બાપાની ૨૨૫ મી જન્મજયંતિ, વીરપુરમાં તડામાર તૈયારીઓ શરૂ

રાજકોટમાં આવેલા સુપ્રસિધ્ધ યાત્રાધામ વીરપુર ખાતે જલારામ બાપાની આગામી આઠમી નવેમ્બરે ૨૨૫મી જન્મજયંતિની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્થાનિકો દ્વારા ધજા, પતાકા સહિત લગાવીને વીરપુર ધામને શણગારવાની તડામાર તૈયારીઓ શરુ કરી છે, ત્યારે ભોજન અને ભજનભક્તિનો મહાસંગમ રચાશે.

જલારામ બાપાની ૨૨૫ મી જન્મજયંતિએ વીરપુર ખાતે દેશવિદેશમાં લાખોની સંખ્યામાં બાપાના ભક્તો આવશે. જેમાંથી કેટલાક શ્રદ્ધાળુઓ પોતાની



માનતા પૂર્ણ કરવા માટે વીરપુર સુધી પદયાત્રા કરે છે, આ સાથે અન્ય રાજ્યામાંથી પણ સંઘો અને પદયાત્રીઓએ વીરપુર આવવા માટે પ્રયાણ કર્યું છે. બાપાની જન્મજયંતિની ઉજવણીની વ્યવસ્થામાં ૩૦૦ જેટલા સ્વયંસેવકો સેવા આપશે. આ પ્રસંગે વીરપુર ગામની શોભા વધારવા માટે વીરપુરના વેપારીઓ સહિત અલગ-અલગ મિત્ર મંડળ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આગામી આઠમી નવેમ્બરના કારક્ત સુદ સાતમના દિવસે જલારામ બાપાની જન્મજયંતીની ઉજવણીની આખરી ઓપ આપવામાં આવી. સ્થાનિકોએ કહ્યું કે, આજથી ૨૨૫ વર્ષ પહેલા ચાર નવેમ્બર, ૧૭૯૯ અને વિક્રમ સંવંત ૧૮૫૬ના કારતક સુદ સાતમના દિવસે ગોંડલ પાસે વીરપુરમાં બાપાનો જન્મ થયો હતો. લાખો લોકોના હૈયે વસતા પૂ.જલારામ બાપાની જન્મજયંતિ આગામી આઠમી નવેમ્બર, કારતક સુદ સાતમના દિવસે સૌરાષ્ટ્રભરમાં ધામધૂમથી ઉજવાશે.

## લક્ષ્મીખેડાના ૫૨ વર્ષ જૂના પુલની બંને તરફ છલકાતાં નીરનો નયનરમ્ય નજારો

તાપી- તાપી જિલ્લાના નિઝર તાલુકામાં લક્ષ્મીખેડા ગામમાંથી ઉચ્છલ-નિઝર સ્ટેટ હાઇવે પરના પુલની ચારે તરફ ઉકાઈ જળાશયના ફુગારાનું પાણીના કારણે એક અદ્ભુત નજારો જોવા મળે છે. જળાશયની સપાટી ૩૪૫ ફૂટે પહોચતા જ ઓકટોબરથી જાન્યુઆરી માસ સુધી નજારો જોવા મળે છે. આ પુલની દક્ષિણ દિશામાં બે નદીનું સંગમ તટ આવેલ છે. જે બંને નદીના સંગમ તટ ઉપર મહાદેવનું મંદિર પણ આવેલું છે. જે પણ પાંચ માસ ડૂબાવ રહે છે. આ પુલ પરથી પસાર થનારા લોકોઓ ઉકાઈ જળાશયના ફુગારાના પાણીથી ઘેરાયેલું સમગ્ર



વિસ્તારને નિહાળતા માટે અહીં ઉભા રહી ફોટોગ્રાફી કરતા જોવા મળે છે.

સૌંદર્ય જોઇ પુલ પરથી પસાર થતાં વાહનોના પૈડા થંભી જાય છે સ્થાનિક પ્રતાપભાઈન જણાવ્યા મુજબ ૧૯૭૨માં નિર્માણ લક્ષ્મીખેડાના પુલ પાંચ મહિના પાણીથી ઘેરાયેલો રહે છે. આ માર્ગ પરથી અંદાજીત રોજના ૨૦૦૦થી વધુ વાહનોની અવર જવર કરે છે. અહીંનું સૌંદર્ય માણવા અવર જવર કરતા માર્ગવટુઓ કુદરતી સર્જાતું દૃશ્ય માણવા અચૂક થોભી જતાં હોય છે. અને જાણે પાણીમાંથી પસાર થતા હોય, તેનો અનુભવ લેતા હોય, એવી ખુશી જોવા મળતી હોય છે.

## વ્યારાની લાઇબ્રેરીમાં ૫૦ હજારથી વધુ પુસ્તકોનો ખજાનો



વ્યારા- વ્યારા નગરમાં આઝાદી પૂર્વે થી સંચાલિત શ્રી શિવાજી સાર્વજનિક પુસ્તકાલય જે વ્યારા નગર સહિત ગ્રામીણ વિસ્તારોનાં વિદ્યાર્થીઓ સહિત વાંચન પ્રેમી લોકો માટે વર્ષો થી આશીર્વાદ રૂપ સાબિત થઈ રહ્યું છે ગાયકવાડી શાસન સમય થી સ્થાપિત શ્રી શિવાજી સાર્વજનિક પુસ્તકાલય આજે ૫૦,૦૦૦ થી પણ વધુ પુસ્તકોનું સંગ્રહ છે.રોજ ના ૨૦૦ વિદ્યાથીઓ વાંચન અર્થે આવે છે.

શિક્ષણ નો વ્યાપ વધે અને વાંચનની પ્રવૃત્તિમાં લોકો રસ લેતા થાય તે માટે તેમને પ્રોત્સાહિત કરવામાં માટે આદિવાસી વિસ્તાર ગણાતા વ્યારામાં આવેલી પુસ્તકાલય જે આઝાદી પૂર્વે થી સંચાલિત છે. આ વર્ષો જૂની શ્રી શિવાજી પુસ્તકાલય સ્થાનિક લોકો માટે મહત્વનો ફાળો ભજવી રહ્યું છે. આ લાઇબ્રેરીમાં માત્ર વિદ્યાર્થીઓ જ નહીં ,પરંતુ અહીંના ગ્રામીણ વિસ્તારોના પુસ્તકપ્રેમી લોકો પણ પુસ્તકો વાંચવા પુસ્તકાલયમાં આવે છે. આ પુસ્તકાલયમાં દરેક ધર્મને લગતા પુસ્તકો સહિત તમામ ભાષા સહિત તમામ ઇતિહાસોના પુસ્તકો આ પુસ્તકાલયમાં સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા પુસ્તકો સહિત અન્ય પુસ્તકો મળીને કુલ -૫૦ હજારથી પણ વધુ પુસ્તકો આ પુસ્તકાલયમાં વાંચન માટે મુકવામાં આવ્યા છે ત્યારે શ્રી શિવાજી સાર્વજનિક પુસ્તકાલય નગરજનો સહિત ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ અને પુસ્તક વાંચન પ્રેમીઓ માટે વર્ષોથી આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.ત્યારે પુસ્તકાલયના સંચાલન કરતું સંસ્થાના મંત્રી સેજલબેન શાહ પુસ્તકાલયનો ઇતિહાસ અને પુસ્તકાલય વિશે જણાવે છે . આઝાદી પહેલા સયાજીરાવ ગાયકવાડ ના પિતા ખંડેરાવ મહારાજ દ્વારા પુસ્તકાલયની સ્થાપના થઈ હતી. અંદાજે ૧૯૦૦માં શરૂઆત થઈ હતી. પુસ્તકાલયમાં મહિલા પુસ્તકાલય બાળ પુસ્તકાલય એમ બે વિભાગો પણ છે. જેમાં ૫૦,૦૦૦ થી વધુ પુસ્તકોનું સંગ્રહ છે. ૫૦ વર્ષ જૂના અલભ્ય પાંચ જેટલા પુસ્તકો પણ છે. રોજના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ પુસ્તકાલયમાં મુલાકાત લેતા હોય છે.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

### અત્તરની શીશીનો સંપર્ક હાથને સુરભિત કરે...સજ્જન વ્યક્તિઓનો સંપર્ક હૈયાંને સુરભિત કરે...

''આમ્રવૃક્ષને કોઈ પથ્થર મારી પરેશાન કરે તો એ પથ્થર મારનાર પર કેરી આપવા રૂપે ઉપકાર કરશે, તો જેઓ પુષ્પની પાંખડીઓને પીસી નાંખે છે - મસળી નાખે છે એના પણ હાથને પુષ્પ સુવાસિત-સુગંધિત કરી દેશે, શેરડી એના પીલનારને પ્રચુર પ્રમાણમાં મધુર રસ આપશે, તો ચંદન એના ઘસનારને સુગંધ-શીતલતા આપશે. પ્રકૃતિના આ વનસ્પતિતત્વો પણ જો અપકારી પર ઉપકારની પ્રતિક્રિયા દાખવી શકતા હોય તો પ્રજ્ઞાવાન-સમજદાર ગણાતા આપણે આ અપકારી પર ઉપકારની ભૂમિકા કેમ આત્મસાત્ ન કરી શકીએ ?

સ મર્થ શાસ્ત્રકાર અને મહાન પ્રભુભક્ત મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરે, પરમાત્મા શ્રી મુનિસુવ્રતસ્વામીની સ્તવનામાં સજ્જન વ્યક્તિના પરિચયરૂપે એક મજેદાર પંક્તિ લખી છે કે :-

અક્ષર થોડા ગુણ ઘણા,
સજ્જનના તે ન લિખાય રે,
વાચક યશ કહે પ્રેમથી,
પણ મનમાંહે પરખાય રે...

મતલબ કે સજ્જનના વ્યક્તિત્વની પ્રસ્તુતિ કરવી હોય તો બહુ મોટી મીઠી મુંઝવણ થઈ આવે. કારણ કે અક્ષરો અર્થાત્ સ્વરો-વ્યંજનો બહુ થોડા છે - માત્ર સુડતાળીશ છે. એમાંથી સર્જાતા શબ્દો ય મર્યાદિત છે. જયારે સજ્જનના ગુણો બહુ વિશાલ-ઘણા છે. ઓછા શબ્દોથી ઘણા ઘણા ગુણો ન લખી શકાય, ન વર્ણવી શકાય. એ તો મનથી પરખાય-અનુભવથી સમજાય. સાર એ કે સજ્જનનો વિશિષ્ટ ગુણવૈભવ અભિવ્યક્તિનો વિષય નહિ, અનુભૂતિનો વિષય છે.

ઉદારતા-સમસંવેદના-વિનય-વિવેક-ઔચિત્ય વગેરે અનેક ગુણો સજ્જન વ્યક્તિમાં નિહાળવા મળે. એમાંના કેટલાય ગુણો તો એવા હોય છે કે જે પરિસ્થિતિ વિશેષમાં અનિવાર્ય બની રહે એટલે કે એ ગુણ વિના તે પરિસ્થિતિમાં વ્યક્તિ સજ્જન પુરવાર પણ ન થઈ શકે. ઉદાહરણરૂપે માર્ગ પર તરસથી તરફડતી વ્યક્તિનો જીવ જતો હોય અને બાજુમાંથી પસાર થતી સ્વસ્થ-નિરોગી વ્યક્તિ એના માટે પાણીની વ્યવસ્થા ન કરી નિષ્ઠુરતાથી ચાલી જાય તો એની સજ્જનતાનો છેદ ઊડી જાય. લોકો કહેશે કે આટલું ય 'સૌજન્ય' ન દાખવ્યું ? આ એમ દર્શાવે છે કે તે પરિસ્થિતિમાં તો કરુણા અત્યંત અનિવાર્ય ગુણ હતો.

સજ્જનનો જે ભાવ એને કહેવાય છે સૌજન્ય. ઉપરોક્ત રીતે સૌજન્ય અલગ અલગ અનેક પ્રકારનું હોય છે. આપણે એમાંથી વિચારીશું પ્રવૃત્તિના સ્તરનું સૌજન્ય. એ માટે વિચારીએ ત્રણ પ્રકારની પ્રવૃત્તિ :

(૧) ઉપકારી પર અપકાર : આ સૌથી કનિષ્ઠ સ્તર છે. સૌજન્યનું આમાં નામ-નિશાન નથી હોતું. પરંતુ તકલીફ ત્યાં છે કે આવી ઘટનાઓ શિક્ષિત-ભણેલ-ગણેલ પરિવારોમાં પણ નિહાળવા મળે છે. કદાચ વધુ તથ્યસભર લખવું હોય તો લખી શકાય કે આવી ઘટનાઓ શિક્ષિત પરિવારોમાં વધુ નિહાળવા મળે છે. કેમ કે ત્યાં લાગણી કરતા બુદ્ધિનું, ભાવના કરતા ગણતરીનું તત્ત્વ વધુ જોર કરતું હોય છે. જે માતા-પિતાએ જન્મથી લઈને જીવન સુધીના, અક્ષરજ્ઞાનથી લઈને વ્યવહારજ્ઞાન સુધીના અને સંપત્તિથી લઈને સંસ્કરણ સુધીના અગણિત ઉપકાર કર્યા હોય તે માતા-પિતાની વૃદ્ધવયે એમને અક્ષરશઃ તરછોડી દેનાર સંતાનો આ કનિષ્ઠ સ્તરમાં આવે. તો જેમની આંગળી પકડી સંસારમાં વ્યક્તિ પગભર થઈ હોય, આર્થિક-પારિવારિક રીતે 'સેટલ' થઈ હોય એવી વિશિષ્ટ ઉપકારી વ્યક્તિને સ્વાર્થસિદ્ધિ ખાતર નુકસાનીમાં-આપત્તિમાં ધકેલી દેનાર વ્યક્તિ ય આ કનિષ્ઠ સ્તરમાં આવે. દરેક બાબતે સ્વાર્થના ગણિત માંડતા થઈ ગયેલ આજના યુગમાં આ કનિષ્ઠ સ્તરની બોલબાલા કેવી જાલિમ છે એ જાણવું છે ? તો વાંચો આ રમુજી ઘટના :

રવિવારની રજાનો દિવસ હતો. એથી સ્કૂલે ભણતો પુત્ર આજે ઘરે હતો. રાજકારણમાં કાર્યરત પિતાને, બાળકને કાંઈક નવું 'પ્રેક્ટિકલ શિક્ષણ' આપવાના ઓરતા જાગ્યા. મનોમન કાઈક પ્લાન કરીને એણે દીકરાને કહ્યું : 'જો બેટા ! મારે થોડી ચીજ-વસ્તુ માળિયામાંથી જોઈએ છે. માટે આ સીડી પકડી માળિયા પર ચડી જા.' દીકરો નાનો અને 'આજ્ઞાંકિત' હતો.

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર

સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058

Mo-9727410292 Mo.-9426810292


શ્રી બાલાજી ડાઈનિંગ હોલ
ઘામળોદ રોડ, બારડોલી

# BAPS મંદિરમાં ભક્ત પ્રહલાદના જીવનની થીમ ઉપર લાઇટ એન્ડ સાઉન્ડ શો યોજાયો, બાળકોમાં ધાર્મિકતાના બીજ રોપવા પ્રયાસ



નવસારી- નવસારી શહેરને અડીને આવેલા નેશનલ હાઈવે નં-૪૮ પાસેનું BAPS સ્વામિનારાયણ મંદિરમાં લાભ પાંચમ સુધી રોજ સાંજે લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજવામાં આવી રહ્યો છે. દર વર્ષે અલગ અલગ થીમ ઉપર કાર્યક્રમ યોજાય છે, આ વર્ષે વિષ્ણુ ભક્ત પ્રહલાદના જીવન ચરિત્ર આધારીત શો યોજવામાં આવી રહ્યો છે. જેને માણવા માટે મોટી સંખ્યામાં જનમેદની ઉમટી રહી છે.

દિવાળી રજાનો સદઉપયોગ હાલમાં દિવાળીનો તહેવાર શરૂ છે. જેમાં અનેક પરિવારો પ્રવાસ માટે અલગ અલગ સ્થળોએ ઉપડી જતા હોય છે, પરંતુ બાળકોમાં હિન્દુ ધર્મ પ્રત્યે રુચિ જાગે અને મહાન સંતો અને ભગવાનની લીલાથી પરિચિત થાય તે માટે સ્વામિનારાયણ સંસ્થા દ્વારા દિવાળીના સમયે દરમિયાન દર વર્ષે લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજવામાં આવે છે. જેમાં અલગ અલગ થીમ હોય છે, આ વર્ષે ભક્ત પ્રહલાદની પ્રખર ભક્તિ તેમજ પિતા હિરણ્ય કશ્યપના અમરત્વના અભિમાનને ભગવાન વિષ્ણુ નરસિંહ અવતાર લઈને જે રીતે તોડે છે તે થીમ ઉપર નૃત્ય નાટિકા ભજવાઇ રહી છે. ધાર્મિક સંદેશાને મનોરંજન સાથે પીરસવામાં આવી રહ્યું છે, જેને જોવા મોટી સંખ્યામાં પરિવારો પોતાના બાળકોને આ શો બતાવી રહ્યા છે. સોશિયલ મીડિયા સાથે સતત જોડાયેલા રહેતા યુવા પેઢીને નૃત્ય અને નાટકના માધ્યમથી ભક્ત પ્રહલાદના જીવન ચરિત્ર વિશે માહિતગાર કરવામાં આવી રહ્યા છે. સત્સંગી યુવા અને બાળકોએ નાટકમાં પાત્ર ભજવ્યાં નવસારી શહેરના ૬૦ થી વધુ બાળ તેમજ યુવા કલાકારોએ આ ભક્ત પ્રહલાદ શોમાં ભાગ લીધો છે, જેમાં તેઓ નૃત્ય તેમજ નાટકના માધ્યમથી વિષ્ણુભક્ત પ્રહલાદ અને તેમના પિતા હરણ્ય કશ્યપ વચ્ચે ભગવાનની ભક્તિને લઈને થયેલા સંવાદની થીમ આકર્ષણનું કેન્દ્ર બની છે. મંદિરમાં રોજ સાંજે ૭:૩૦ વાગ્યે અને ૯:૦૦ વાગે એમ બે શો યોજવામાં આવે છે. જેમાં હજારોની સંખ્યામાં લોકો આ શો નિહાળીને મંત્રમુગ્ધ થઈ રહ્યા છે.

શું કહે છે સ્વયંસેવકો? મંદિરમાં સ્વયંસેવક તરીકે સેવા આપતા મનીષ પારેખ જણાવે છે કે, ખાસ તો મંદિર દ્વારા લાઈટ એન્ડ સાઉન્ડ શોનું આયોજન કરવામાં આવે છે. જેમાં મુખ્ય હેતુ હોય છે કે, લોકો ભારતીય સંસ્કૃતિના પ્રતિક એવા મંદિર સાથે જોડાય, યુવા પેઢી ખાસ મંદિરમાં આવતી થાય હિન્દુ ધર્મના સંસ્કારો દરેક પેઢીને મળે, હિન્દુ ધર્મ પ્રત્યે આજની પેઢીને પ્રેમ જાગે એ જ વિચાર સાથે દર વર્ષે લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજવામાં આવે છે.,દિવાળીના નવા વર્ષથી લાભ પાચમ સુધી દર વર્ષે અલગ અલગ થીમ સાથે લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજવામાં આવે છે. જેમાં આ વર્ષે ભક્ત પ્રહલાદના જીવન ચરિત્રને લઈને એક નૃત્ય નાટિકા ભજવાઇ રહી છે, આ નૃત્ય નાટિકામાં નવસારી શહેરના ૬૦થી વધુ બાળકો અને યુવાનો પાત્ર ભજવી રહ્યા છે, નવસારી શહેરના હજારો નાગરિકો આ શોનો લાભ રહી રહ્યા છે.

ભક્ત પ્રહલાદ શો જોવા આવનાર યુવતી અવની વાઘેલા જણાવે છે કે, શો ખૂબ જ સરસ છે, અમે જોયા બાદ અમારા ઘરે આવેલા મહેમાનોને પણ અમે આ શો બતાવવા માટે અહીં લાવ્યા છીએ. આ ખૂબ જ સરસ શો છે. બાળકોમાં ધાર્મિકતાનું સિંચન થાય અને તેઓ હિન્દુ ધર્મના પવિત્ર ગ્રંથો તેમજ સંતો અને મહંતો વિશે આદરભાવ ધરાવે તે માટે આ શો તેમને બતાવો ખૂબ જ જરૂરી છે.

શું છે મંદિરની વિશેષતા? નવસારી શહેરની પાવન ભૂમિ ઉપર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ૨૦૧૨ માં સંગેમરમરના ભવ્ય શિખરબદ્ધ મંદિરના નિર્માણનો શુભારંભ કર્યો હતો. એમની પાવન પ્રેરણા અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના હસ્તે બીએપીએસ નૂતન મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા વિધિ મહોત્સવ ૩૦-૦૧-૨૦૨૦, વસંત પંચમીના દિવસે ઊજવાયો હતો, ત્યારથી આજ સુધી લાખો ભક્તોએ આ મંદિર દર્શનનો લાભ લીધો છે. ૧૦ એકરના પરિસરમાં આ મંદિરની લંબાઇ ૨૦૫ ફૂટ, ૧૮૮ ફૂટ ૨,૧૮૮ ફૂટ પહોળાઈ તથા ઊંચાઇ ૮૨ ફૂટ છે, જેમાં બારીક કોતરણીવાળા કલામંડિત ૨૨૨ સ્તંભો, ૧૫૦ તોરણો, ૯૦૦ ફૂટ લાંબી બેનમૂન ગજેન્દ્ર-પીઠ અને અવતારો, દેવી-દેવતા અને મહાન ભક્ત-પરમહંસોની સુંદર રુપપ્રતિમાઓ, ભગવાન સ્વામિનારાયણની લીલાના ૪૪થી વધુ પથ્થરમાં કંડારાયેલી શિલ્પકૃતિઓ અને કલાત્મક ૫ શિખર, ૨ ઘુમ્મટ તથા ૧૭ ઘુમ્મટીઓ અને તેના ઉપર ૧૯ સુવર્ણરહિત કળશો છે.

# ગુજરાતમાં બુટલેગરો બેખૌફઃ દારૂ ભરેલી કારનો પીછો કરતી પોલીસ જીપને ટ્રેલરે મારી ટક્કર, PSIનું મોત





હાલમાં તહેવારોની સિઝન ચાલી રહી છે. ત્યારે ડ્રાય સ્ટેટ તરીકે ઓળખતા ગુજરાતમાં બુટલેગરો બેખૌફ બની ગયા છે. રાજયમાં રોજેરોજ લાખોનો દારૂ અને ડ્રગ્સ પકડાવું સામાન્ય બની ગયા છે. આઘાતજનક વાત એ છે કે, બુટલેગરો વિરુદ્ધ કડક હાથે કામ લેતી પોલીસ પર પણ અવારનવાર હુમલાના સમાચાર સામે આવે છે. ત્યારે સોમવારે મોડી રાત્રે સુરેન્દ્રનગર દસાડા નજીક દારૂ ભરેલી ગાડીને રોકવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ટ્રેલરે ટક્કર મારતાં એક પી.એસ.આઇને ગંભીર ઇજાઓ પહોંચતાં મોત નિપજયું હતું. આ ઘટનાને પગલે પોલીસ બેડામાં હાહાકાર મચી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સ્ટેટ મોનિટરિંગ સેલ ટીમના પી. એસ. આઇ. જાવેદ એમ. પઠાણ અને બે કોન્સ્ટેબલની ટીમને બાતમી મળી હતી કે, દસાડાના એક ચોક્કસ રસ્તા પર દારૂ ભરેલી કાર નીકળવાની છે. આ બાતમીના આધારે તેઓ પોતાને ટીમ સાથે રાત્રે ૨:૩૦ વાગ્યા આસપાસ વોચ ગોઠવીને દારૂ ભરેલી કાર પકડવા નીકળ્યા હતા. આ દરમિયાન પાટડી દસાડા તરફ જતા માર્ગ પરથી પસાર થતાં એક અજાણ્યા ટ્રક ચાલકે તેમની કારને અડફેટે લઈ લીધી હતી.

આ ટક્કર એટલી ભયંકર હતી કે અકસ્માતમાં પી. એસ. આઇ. જાવેદ પઠાણનું ઘટનાસ્થળે જ મોત નિપજયું હતું. જયારે અન્ય બે કોન્સ્ટેબલ ઇજાગ્રસ્ત થયા હતા. અકસ્માતની જાણ થતાં આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા અને ઇજાગ્રસ્ત પોલીસકર્મીઓને બહાર કાઢીને વિરમગામની હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

# બાળકોએ દિવડા ખરીદી જરૂરિયાતમંદોને આપ્યા



વ્યારા- હાલ દિવાળીનો તહેવાર હોય દરેક વ્યક્તિઓ ઉત્સવને ઉજવતા હોય છે. ત્યારે વ્યારા નગરમાં મેજિક્લ નેસ્ટના સંચાલક નિરાલી પરમાર દર વર્ષે નાના બાળકોને માર્ગદર્શન આપી દિવાળી પરવડ દરમિયાન વિવિધ કામગીરી બાળકો પાસે કરાવે છે. સાથે બાળકો દ્વારા જાતે જ તૈયાર કરેલા દિવાળીના ગ્રીટીગ તેમજ અન્ય વસ્તુઓ જરૂરીયાત મંદ લોકોને આપવા માટે પ્રોત્સાહન કરે છે જે અંતર્ગત આ વર્ષે બાળકો ને સંગ્રહ કરેલા રૂપિયા નો સદુપયોગ કરવા સમજવ્યુ હતું. બાળકોને વ્યારા નગરમાંથી માટીના દીવડાઓ ખરીદી કરી વેપારીને ખુશી અપાવી હતી. જે બાદ બાળકોએ આ દીવડાઓને વિસ્તારના જરૂરિયાતમંદ બાળકોને આપી તેમની સાથે સાર્થક દિવાળી ઉજવવાનો પ્રયાસ કર્યો હતો. નાના બાળકો દ્વારા લોક્લ ફોર વોક્લ નું સૂત્ર નો ઉપયોગ કરી સ્થાનિક કક્ષાએ ખરીદી કરી હતી. બાળકોની સેવાકીય પ્રવૃત્તિ જોઈ માતા-પિતાઓ પણ આનંદિત થઈ ગયા હતા.

# તહેવારમાં સોનગઢના નવાગામ વિસ્તારમાં પાણીની સમસ્યા

સોનગઢ- સોનગઢના મરીમાતા રોડ નવાગામ ,સ્ટેટ બેંક રોડ,શિવ નગર વગેરે વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પાલિકા દ્વારા અનિયમિત અને ઓછાં પ્રેશર સાથે પાણી આપવામાં આવી રહ્યું છે. આ બાબતે નારાજ લોકોએ મંગળવારે નગરપાલિકા ચીફ ઓફિસરને લેખિત ફરિયાદ કરી હતી.

સોનગઢ પાલિકા ચીફ ઓફિસરને ઘણા સમય પહેલાં આ વિસ્તારના પાણીના પ્રશ્ન બાબતે રજુઆત થઈ હતી, જયારે એક સિનિયર સિટીઝન વડીલનો ચીફ ઓફિસર સાથેની ઉગ્ર વાતચીતનો વિડીઓ પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જે તે સમયે આગેવાનોએ પણ નવાગામની પાણીની સમસ્યા ની અંતની ખાતરી આપી હતી પણ એમાં કોઈ સુધારો થયો નથી

સ્થાનિક લોકો પીવાના પાણીની લાઈન સાથે મોટર મૂકી વધુ પાણી ખેંચી લે છે. આવા લોકો સામે પાલિકા પગલાં ભરવામાં આવ્યા નથી.એ સાથે જ મરી માતા રોડ નવાગામ વિસ્તારમાં પાણી છોડવાનો સમય પણ નક્કી નથી હોતો જેથી લોકો એ આખો દિવસ પાણીની રાહ જોઈને બેસી રહેવું પડે છે. સમસ્યા અંગે ટૂંક સમયમાં કોઈ નિરાકરણ નહિ આવે તો મહિલાઓ ભુતકાળની માફક પાલિકા કચેરી ખાતે પહોંચી માટલા ફોડવાનો કાર્યક્રમ કરશે એવું પણ પત્રમાં જણાવવામાં આવ્યું છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT







**બારડોલી શહેરને સ્વચ્છ શહેર-સુંદર શહેર રાખવાના અભિયાન અંતર્ગત બારડોલી નગરપાલિકા દ્વારા બારડોલી શહેરમા આવાલે સાર્વજનિક જગ્યાની દિવાલો પર સુંદર અને આકર્ષક રંગોથી વિષય વાસ્તવ રૂપ બતાવતા જીવંત લાગે એમ દિવાલ પર રંગ રોગાન કરી ચિત્ર બનાવાયા છે. જે બારડોલીવાસીયો નું આકર્ષનનું કેન્દ્ર બન્યું છે.**

## સફળતા માત્ર પોલીસને જ મળવી જોઈએ

# વ્યાજના દૂષણ, ડ્રગ્સ કે દીકરીઓને ફસાવનાર સામેની લડાઈમાં ૩૬૫ દિવસ પોલીસનું અભિયાન વોર સ્વરૂપે ચાલવું જોઈએઃ સંઘવી

સુરત- સુરતમાં પોલીસ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. દિવાળી અને નવા વર્ષ નિમિતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. જયાં સંઘવીએ કહ્યું હતું કે, વ્યાજના દૂષણ, ડ્રગ્સ કે દીકરીઓને ફસાવનાર સામેની લડાઈમાં ૩૬૫ દિવસ પોલીસનું અભિયાન વોર સ્વરૂપે ચાલવું જોઈએ. જેમાં સફળતા માત્ર પોલીસને જ મળવી જોઈએ.

સફળતા માટે જે કરવું પડે એ કરો- ગૃહ રાજયમંત્રી સંઘવીએ જણાવ્યું હતું કે પોલીસ સુધી પહોંચવું જ કેમ પડે? એવા માતા-પિતા માટે તો દીકરા-દીકરી બનીને પોલીસ પરિવારે જરૂરી સહયોગી બનીને મદદગાર બનવું જોઈએ. વ્યાજના દૂષણ, ડ્રગ્સ સામેની લડાઈ હોય કે દીકરીઓને ફસાવનાર સામેની લડાઈ હોય. આ લડાઈના કોઈ અભિયાન ન હોઈ શકે. આ દૂષણ ફેલાવનારની સામે આજીવન ૩૬૫ દિવસ પોલીસનું અભિયાન એક વોર સ્વરૂપે ચાલવું જોઈએ અને તેમાં સફળતા માત્ર ને માત્ર પોલીસને જ મળવી જોઈએ. એ સફળતા માટે જે કરવું પડે એ કરવું જોઈએ.

સમાજની વ્યવસ્થા જાળવવાની જવાબદારી પણ પોલીસની ઉમેર્યું હતું કે, બુકોમાં લખાયેલો જેમ કાયદો હોય છે ને એમ, સમાજમાં લખાયેલી વ્યવસ્થા સાચવવાની જવાબદારી આપણા પર છે. બુકોમાં લખાયેલો કાયદો સાચવવો જ જોઈએ, પણ સમાજમાં લખાયેલી વ્યવસ્થાઓ સાચવવાની જવાબદારી આપણે સહુ લોકોએ નિભાવવી જોઈએ. આ નવા વર્ષે સંકલ્પ



લેવાનો છે કે મારા વિસ્તારમાં ડ્રગ્સ ન પકડાઈ ન શકે, મારા વિસ્તારમાં પાનના ગલ્લા પર કે ચાની લારી પર બેસીને મારા વિસ્તારની દીકરીઓને છંછેડે, કોઈ ઈશારો કરે એવી હિંમત મારા વિસ્તારમાં ન જ થવી જોઈએ.

સંઘવીએ પોલીસને કહ્યું- ઘટના રોકવાની જવાબદારી તમારી ઉમેર્યું હતું કે, તમે ગમે એટલા સારા કામ કરો પરંતુ તમારા વિસ્તારમાં આ રિપિટેડ ઘટના બને નવા વર્ષના દિવસે આપણા માટે સારી વાત નથી.આ રિપિટેડ ઘટનાઓ બનતી હોય ત્યાં સીપીએ કોઈપણ ભલામણ સાંભળવી ન જોઈએ. એનો હિસાબ થવો જોઈએ. કારણ કે ઘટના રોકવાની જવાબદારી તમારી છે. તમારા વિસ્તારમાં આ ઘટના રેગ્યુલર બને છે તો પીઆઈ એક જ આન્સરેબલ નથી, પીએસઆઈ કે કોન્સ્ટેબલ આન્સરેબલ નથી. ઉપરના તમામ અધિકારી તેના માટે જવાબદાર છે.

વિક્રમ સંવત અંગે પૂર્વભૂમિકા બાંધી કાર્યક્રમમાં સુરત ઉપરાંત સુરત રેન્જ પોલીસના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સુરત પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોત તેમજ રેન્જ ઈ પ્રેમવીરસિંગ સહિત જોઈન્ટ ઈડ, ઉઈડ, અઈડ ડઈ સહિતના અધિકારી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. હર્ષ સંઘવીએ કહ્યું કે,૧૦૦૦ વર્ષ પહેલાં એક વાક્ય પ્રચલિત થઇ હતી કે, અવંતીમાં હોય તો પાટણમાં કેમ નહીં. રાજા સિદ્ધરાજ સોલંકીના વિજય પછી વિક્રમ સંવતની શરૂઆત થઈ. ત્યારબાદ વેપાર કે પછી સારા મુહૂર્તની શરૂઆત વિક્રમ સંવતના કેલેન્ડરની મદદથી કરતા હોઈએ છે.

## સી.આર. પાટીલની કાર્યકર્તાઓ સાથે નવ વર્ષની ઉજવણીઃ

# ૨૦૪૭ વિકસિત ભારત અને જળસંચય જન ભાગીદારીના નામે દીપ પ્રગટાવવા પાટીલની લોકોને અપીલ




સુરત- કેન્દ્રીય જલ સંસાધન મંત્રી સી. આર. પાટીલે આજે નવા વર્ષ પર પોતાના નિવાસસ્થાને પાર્ટીના કાર્યકર્તાઓ અને શુભેચ્છકો સાથે નવ વર્ષની ઉજવણી કરી હતી અને લોકોને શુભેચ્છા સંદેશ આપ્યા હતા. તેઓએ લોકોને અપીલ કરી હતી કે, પોતાના ઘરે વિકસિત ભારત અને જલ સંસાધનને લઈ દીપ પ્રગટાવે.

મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ મળવા આવ્યાં આજે નવ વર્ષની શરૂઆત થઈ રહી છે, જેને લઇ રાજયના તમામ લોકોમાં ભારે ઉત્સાહ છે. પોતાના પ્રિયજનોને નવા વર્ષની શુભેચ્છા લોકો આપી રહ્યા છે. ત્યારે કેન્દ્રીય જળ સંસાધન મંત્રી સી. આર. પાટીલે પણ પોતાના નિવાસસ્થાને પરિવારના સભ્યો અને પાર્ટીના કાર્યકર્તાઓ સાથે નવ વર્ષની ઉજવણી કરી હતી. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ તેમને મળવા આવ્યા હતા અને નવ વર્ષની શુભેચ્છાઓ આપી હતી.

૪દરેક વ્યક્તિ સુધી સુખ-સમૃદ્ધિ પહોંચે તે માટે અમે કટિબદ્ધ છીએ. સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ આગળ વધી રહ્યો છે. દિવાળી અને નવા પર્વના નિમિત્તે હું આપ સૌને શુભેચ્છા પાઠવું છું. છેવાડાના પગથીયા પર દરેક વ્યક્તિ સુધી સુખ સમૃદ્ધિ પહોંચે તે માટે અમે કટિબદ્ધ છીએ. દિવાળીના પર્વ નિમિત્તે આપણે દીપ પ્રગટાવીએ છીએ. દીપમાળા પ્રગટાવવાના પગલે અંધકાર દૂર થાય છે. આપણે એક દિવસ દિવાળીના નામે દીપ પ્રગટાવીએ. એક દીપ નવા વર્ષના નામે પ્રગટાવીએ. એક દીપ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિચાર ૨૦૪૭ સુધી વિકસિત ભારતના નામે પ્રગટાવીએ અને એક દીપ જળસંચય જન ભાગીદારી તેમજ જન આંદોલનના નામે પ્રગટાવીએ.

**મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ મળવા આવ્યાં આજે નવ વર્ષની શરૂઆત થઈ રહી છે, જેને લઇ રાજયના તમામ લોકોમાં ભારે ઉત્સાહ છે.**

# ડાંગ કલેકટરને NPCના નેજા હેઠળ માહિતી ખાતાના નિનેશ ભાભોર વિરૂધ્ધ આવેદનપત્ર અપાયું

**(પ્રતિનિધિ દ્વારા, ડાંગ) :** ડાંગ કલેક્ટરની કચેરી ખાતે નેશનલ પ્રેસ એસોસિએશનના નેજા હેઠળ તારીખ ૦૫/૧૧/૨૦૨૪ ના રોજ સવારે ૩:૦૦ કલાકે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

નેશનલ પ્રેસ એસોસિએશનના ઝાકીર શેખ, અશ્વિન ભીખલ પટેલ, સંગીતાબેન, ધીસારામ ચૌધરી, ગિરીશ ભોયે, શિવજી કુંવર, મહેન્દ્ર સોલંકી, નરેન્દ્ર એસ. પવાર નાયાએ આજરોજ ડાંગ કલેક્ટર શ્રીને આવેદનપત્ર આપી નીચે મુજબની માંગ કરાઈ છે. તાપી જિલ્લા માહિતી નિયામક અધિકારી નિનેશ ભાભોર દ્વારા વિક્લી પેપર ના તંત્રીઓ ઉપર ખોટા આક્ષેપો કરે છે. સરકારી માહિતી Whapapp ગ્રુપમાં ખોટા ખોટા પત્રકારોને વિરુદ્ધ બદનામ કરવાના મેસેજો ફોરવર્ડ કરે છે. પત્રકારોને ખોટી રીતે બદનામ કરીને નુકસાન કરતા આવેલ છે. તંત્રીઓને પેપર બંધ કરાવી દેવાની ધમકીઓ આપતા આવેલ છે. આવા ભ્રષ્ટ અધિકારી પોતાના હોદ્દાનો દુરઉપયોગ કરી સરકારશ્રી અને માહિતી ખાતાને પણ




**તાપી જિલ્લા માહિતી નિયામક અધિકારી નિનેશ ભાભોર દ્વારા વિક્લી પેપર ના તંત્રીઓ ઉપર ખોટા આક્ષેપો કરે છે. સરકારી માહિતી Whapapp ગ્રુપમાં ખોટા ખોટા પત્રકારોને વિરુદ્ધ બદનામ કરવાના મેસેજો ફોરવર્ડ કરે છે.**

બદનામ કરી નુકસાન કરે છે. તાપી જિલ્લાન હાલના માહિતી અધિકારી તાપી જિલ્લામાં પત્રકારોમાં અંદરો અંદર વિવાદ ઊભો કરાવે છે. આવા કાયમ માટે વિવાદિત અધિકારીથી તાપી જિલ્લાના તમામ પત્રકારો ત્રાસી ગયા છે અને તાપી જીલ્લાના માહિતી નિયામક નિનેશ ભાભોરની વહેલી તકે બદલી કરવામાં આવેની માંગ સાથે પત્રકારોએ આજરોજ આવેદનપત્ર આપ્યું છે.

# વિક્રમ સંવત ૨૦૮૧ અને નવા વર્ષ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીનાં દર્શન માટે ભીડ જામી

સુરત- કંસારા સમાજ દ્વારા વિક્રમ સંવત ૨૦૮૧ અને નવા વર્ષ નિમિત્તે મહિધરપુરા જદખાડી સ્થિત 'શ્રી મહાકાળી માતાજી' મંદિરે સૌ પ્રથમ માતાજી ને સરસ મજાનાં વાઘા પહેરાવી આરતી કરવામાં આવી ત્યારબાદ એક પછી એક સમાજના લોકો તેમજ આસપાસના રહેવાસીઓની દર્શન માટે ભીડ ઉમટી ત્યારે માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પછીનું નવું વર્ષ પણ છે તેને લઈ લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો.






**જોઈએ છે..! જોઈએ છે..!**



**ગુજરાત આત્મીયતા**

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

**આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો**

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).